**મીડિયા, પ્રાઇવેટ બેન્ક અને ઓટો શેરોમાં ઝડપી ઉછાળો : મિડ-સ્મોલકેપ શેરો ઉછળ્યા**

# મીડલઇસ્ટમાંતણાવનુંજોખમઘટતાશેરબજારમાંરીકવરી

**ઇન્ટ્રાડેમાં** 23000ની સપાટી કુદાવનાર નિફ્ટી લગભગ 400 પોઇન્ટ વધીને બંધ

**સેન્સેક્સ** પણ 1372 પોઇન્ટ વધીને 74068 પોઇન્ટ પર બંધ રહ્યો

**વાણિજ્યપ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 24:** અમેરિકાએ ઈરાનના પાવર પ્લાન્ટ પરના હુમલા માટે અલ્ટીમેટમ આપ્યા બાદ તેને આ હુમલાને કામચલાઉ ધોરણે રોકી દેવાની જાહેરાત કરતા રોકાણકારોમાં વિશ્વાસ આવ્યો હતો અને યુદ્ધ ગંભીર સ્વરૂપ ધારણ કરે તે નોબત અટકી જવા પામી હતી અને ભૂરાજકીય તણાવનું જોખમ ઘટતા વૈશ્વિક બજારોમાં રીકવરી જોવા મળી હતી. જેમાં ભારતીય શેરબજારમાં પણ રીકવરી આવી હતી, પણ ગિફ્ટ નિફ્ટી જેટલી વધી હતી, તેની સરખામણીએ ધીમો સુધારો રહ્યો હતો, જેથી હજુય રોકાણકારોનો સેન્ટિમેન્ટ સુધર્યો તો છે, પણ મજબૂત દેખાઇ રહ્યો નથી. આજે નિફ્ટીએ 22900 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. ઇન્ટ્રાડેમાં 23000 પોઇન્ટની સપાટી કુદાવી હતી, પણ ટકી નહતી.

સેકટર વાઇઝ જોઇએ તો મીડિયા, પ્રાઇવેટ બેન્ક, ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી. જોકે, તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં પણ પસંદગીના શેરોમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો.

આજે નિફ્ટીની વીકલી એકસપાયરીના દિવસે, સેન્સેક્સના માર્ચ એન્ડીંગના એક દિવસ પુર્વે શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું. ગુરૂવારે રામનવમીના લીધે કોઇ ટ્રેડિંગ નહીં થાય. આ દરમ્યાન આજે સેન્સ્કસમાં 1372 પોઇન્ટ ઉછળીને 74000 પોઇન્ટને પાર નીકળી ગયો હતો. જેના લીધે રોકાણકારોને રૂ. સાત લાખ કરોડની કમાણી થઇ હતી. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 423 લાખ કરોડ પર પહોંચી ગયું છે.

બીએસઇ સેન્સેક્સ 1372.06 પોઇન્ટ એટલે કે 1.89 ટકા વધીને 74000 પોઇન્ટની સપાટી રીકવર કરીને 74068.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74489 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73084 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. આમ, આજે ઇન્ટ્રાડેમાં 1500 પોઇન્ટની વધઘટ જોવા મળી હતી. નિફ્ટી 399.75 પોઇન્ટ એટલે કે 1.78 ટકા વધીને 22900ની સપાટી કુદાવીને 22912.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 23000 પોઇન્ટની સપાટી કુદાવીને 23057 પોઇન્ટ સુધી ઉછળી હતી, પણ તે ટકાવી શકી નહતી. જ્યારે નીચામાં 22624 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1167.90 પોઇન્ટ એટલે કે 2.27 ટકા ઉછળીને 52605.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ગુજરાત ફલુરોકેમમાં 18.48 ગણા, સોના બીએલડબલ્યુમાં 6.76 ગણા, બીએલએસ ઇન્ટરનેશનલમાં 6.7 ગણા, જયોથિ લેબમાં 3.63 ગણા, અદાણી ગ્રીન એનર્જીમાં 3.51 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બીએલએસ ઇન્ટરનેશનલમાં 48.34 ગણા, યુનાઇટેડ બ્રેવરેજીસમાં 19.27 ગણા, આલ્કાઇલ એમીનીઝમાં 14.8 ગણા, લોઢા ડેવલપર્સમાં 4.6 ગણા અને અતુલ લિ.માં 3.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સારો દેખાવ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 2.48 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.24 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2955 શેરો વધ્યા હતા, જ્યારે 1306 શેરો ઘટયા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોઝોનના મેક્રો ડેટા નબળા આવતા નબળા ખુલ્યા હતા, પણ તે મિશ્ર ચાલી રહ્યા છે. એસ એન્ડ પી યુરોઝોન કમ્પોઝિટ પીએમઆઇ ઘટીને 50.5નો થયો છે. જે ગત મહિને 51.9નો હતો. જોકે, મીડલ ઈસ્ટના યુદ્ધના જોખમ ઘટવાના અહેવાલથી એશિયન બજારો ઉછળીને બંધ રહ્યા હતા. દરમ્યાન ખાદ્ય પદાર્થોના ભાવ અને ઇંધમ સબસિડી સ્થિર થવાથી અર્થતંત્ર ઠંડુ પડયું હોવાથી ફેબ્રુઆરીમાં ફુગાવો સતત ચોથા મહિને ઘટ્યો હતો, જેના લીધે જાપાનનો નીક્કી મજબૂત રહ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.26 ટકા, કેક 0.22 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.15 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.96 ટકા, સ્ટ્રેઈટસ 0.43 ટકા, હેંગસેંગ 2.70 ટકા, કોસ્પી 2.67 ટકા, શાંઘાઇ 1.75 ટકા ઉછળીને બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.34 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં નજીવો પ્રત્યાઘાતી સુધારો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 24:** કરન્સી બજારમાં સતત રૂપિયાના ધોવાણ બાદ આજે નજીવો પ્રત્યાઘાતી સુધારો થયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા સુધરીને 93.87ના સ્તરે બંધ રહ્યો હતો. જે યુદ્ધના જોખમ ઘટવાના અહેવાલથી રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.98ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.13, પાઉન્ડ 125.14, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 65.70, જાપાનીઝ યેન 0.5914 અને સીંગાપોર ડોલર 73.32ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 93.86 રૂ. |
| યુરો | 109.13 રૂ. |
| પાઉન્ડ | 125.14 રૂ. |
| યેન | 0.5914 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1372.06 | 74068.45 |
| નિફ્ટી | 399.75 | 22912.40 |
| બેન્કનિફ્ટી | 1167.90 | 52605.65 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 5.22 | 3516.80 |
| ઇન્ટરગ્લોબ | 5.21 | 4150.80 |
| ઇટર્નલ | 4.84 | 237.94 |
| એશિયન પેઇન્ટસ | 4.53 | 2217.30 |
| બજાજ ફાઇનાન્સ | 4.48 | 849.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 2.89 | 442.10 |
| પાવરગ્રીડ | 1.03 | 299.00 |
| અદાણી એન્ટર | 0.82 | 1817.90 |
| સન ફાર્મા | 0.29 | 1753.30 |
| સીપલા | 0.20 | 1219.40 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 5.19 | 3515.35 |
| ઇન્ટરગ્લોબ | 5.18 | 4151.15 |
| ઇટર્નલ | 4.85 | 237.95 |
| બજાજ ફાઇ. | 4.69 | 850.00 |
| એશિયન પેઇન્ટસ | 4.54 | 2216.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 0.81 | 299.20 |
| એસબીઆઇ | 0.09 | 1030.80 |

# ઇરાન યુદ્ધથી વૈશ્વિક અસ્થિરતા છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહ્યું : RBI

**વૈશ્વિક** અનિશ્ચિતતાના માહોલને ધ્યાને રાખીને ફેબ્રુઆરી-માર્ચમાં વ્યાજદર યથાવત રાખ્યા હતા : આરબીઆઇ

નવી દિલ્હી, તા. 24: મીડલ ઈસ્ટના યુદ્ધથી વૈશ્વિક અસ્થિરતા થઇ છે અને વિશ્વના અનેક દેશોના અર્થતંત્ર હાલકડોલક થઇ ગયા છે, ત્યારે ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત હોવાનો આરબીઆઇએ બુલેટિનમાં દાવો કર્યો છે. 2025-26 માટે જીડીપીના બીજા એડવાન્સ અંદાજ પણ આ મજબૂતાઇ દર્શાવે છે.

ફેબ્રુઆરીમાં દેશની આર્થિક પ્રવૃત્તિમાં વધારો થયો હતો. ફુગાવામાં વધારો ખાદ્ય અને પીણાંના કારણે થયો હતો. સિસ્ટમમાં પૂરતા પ્રમાણમાં પ્રવાહિતા રહી, અને વ્યવસાય ક્ષેત્રને નાણાકીય સહાયમાં વધારો થયો. વધુમાં, ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર બાહ્ય આંચકાઓ સામે ટકી શકે તેટલો મજબૂત છે.

અહેવાલમાં જણાવાયું છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધ અને અમેરિકાની વેપાર તપાસને કારણે વૈશ્વિક ઉર્જા સુરક્ષા, આયાત ટેરિફ અને પુરવઠા શૃંખલા અંગે અનિશ્ચિતતા વધી છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો તે વૈશ્વિક અર્થતંત્ર પર અસર કરી શકે છે. સ્થાનિક સ્તરે, ભારતની ક્રૂડ ઓઇલ પરની નિર્ભરતાને ધ્યાનમાં રાખીને, પરિસ્થિતિનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે. જોકે, આરબીઆઇએ જણાવ્યું હતું કે સમય જતાં, મજબૂત વૃદ્ધિ, મજબૂત આર્થિક મૂળભૂત બાબતો અને મજબૂત વિદેશી ક્ષેત્રને કારણે ભારતનું અર્થતંત્ર બાહ્ય આંચકાઓ પ્રત્યે વધુ સ્થિતિસ્થાપક બન્યું છે. જીડીપી ડેટા અનુસાર, નાણાકીય વર્ષ 2025-26માં આર્થિક વૃદ્ધિ મજબૂત રહી છે, જે મુખ્યત્વે સ્થાનિક માંગ દ્વારા પ્રેરિત છે. ખાનગી વપરાશ અને રોકાણ બંને મજબૂત રહ્યા. ત્રીજા ક્વાર્ટરમાં અર્થતંત્ર 7.8 ટકાના દરે વધ્યું. ફેબ્રુઆરીમાં શહેરી અને ગ્રામીણ બંને બજારોમાં માંગ મજબૂત રહી. ઓછા કર, ખરીફ પાકની આવક અને લગ્નની મોસમ વગેરેનો લાભ મળ્યો. ફેબ્રુઆરીમાં ટુ-વ્હીલર, પેસેન્જર વાહનો અને ટ્રેક્ટરનું વેચાણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું. કૃષિ ક્ષેત્ર પણ મજબૂત રહ્યું, અને નાણાકીય વર્ષ 2026માં ખાદ્ય અનાજનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે પહોંચવાની અપેક્ષા છે.

વૈશ્વિક સ્તરે, મધ્ય પૂર્વમાં તણાવને કારણે તેલ અને ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો, જેના કારણે કોમોડિટી અને નાણાકીય બજારોમાં અસ્થિરતા વધી ગઈ. આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ તેને વૈશ્વિક તેલ બજારના ઈતિહાસમાં સૌથી મોટો પુરવઠો વિક્ષેપ ગણાવ્યો. અન્ય કોમોડિટીઝના લીધે ઔદ્યોગિક એકમોને પણ અસર થઈ. આરબીઆઇ બુલેટિનમાં જણાવાયું છે કે ઊર્જા કટોકટીએ નાણાકીય બજારોને પણ અસર કરી છે. માર્ચમાં શેરબજારોમાં ઘટાડો થયો હતો. બોન્ડ બજારોમાં પણ ફેરફારો જોવા મળ્યા હતા અને યુએસ ડોલર મજબૂત બન્યો હતો. આ વાતાવરણમાં, મુખ્ય કેન્દ્રીય બેંકોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું હતું અને ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન વ્યાજદરો યથાવત રાખ્યા હતા.

## દેશમાં ખાનગી ક્ષેત્રનો વિકાસ નબળો પડ્યો

નવી દિલ્હી, તા. 24: મધ્ય પુર્વમાં ચાલી રહેલા યુદ્ધની અસર વિશ્વના મોટા ભાગના દેશો ઉપર જોવા મળી રહી છે. આ યુદ્ધથી સૌથી મોટી અસર સપ્લાય ચેઈન ઉપર પડી છે. ચીજવસ્તુઓના પરિવહન ઠપ્પ થઈ જવા પામ્યું છે. જેના લીધે આયાત નિકાસને ગંભીર અસર પડી રહી છે.

માર્ચ મહિનામાં ભારતના ખાનગી ક્ષેત્રનો વિકાસ નબળો પડ્યો હતો. જે ઓકટોબર 2022 પછીનો સૌથી ધીમો મહિનો કહી શકાય. આંતરરાષ્ટ્રીય ઓર્ડર વિક્રમી સપાટીએ પહોંચ્યા હોવા છતાં, સ્થાનિક માગમાં નરમાઈના કારણે મંદી જોવા મળી રહી છે.

એચએસબીસી ફ્લેશ ઇન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઇન્ડેકસ ફેબ્રુઆરી મહિનામાં 58.9 ટકાથી ઘટીને માર્ચમાં 56.5નો થયો છે, જે ઉત્પાદન અને સેવાઓમાં ધીમી વૃદ્ધિની ચાડી ખાય છે. જોકે, ઉત્પાદન ક્ષેત્રમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. ઉત્પાદન વૃદ્ધિ ઓગસ્ટ 2021 પચીના સૌથી નીચા સ્તરે પહોંચી ગઇ છે. કંપનીઓએ વૈશ્વિક અનિશ્ચિતતા અને વધતા ખર્ચને મુખ્ય પડકારો તરીકે ગણાવ્યા છે. મીડલ ઈસ્ટના યુદ્ધના કારણે કાચો માલ સહિતના ઉત્પાદન માટે થનારા ખર્ચના ભાવ વધી જવા પામ્યા છે, જેથી ઉત્પાદન ખર્ચ વધી જતા નવી માગનો અભાવ રહ્યો છે. જ્યારે સર્વિસ સેકટર ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે.

## 2026માં ભારતીય અર્થતંત્ર ધીમી ગતિએ વધશે!

**વ્યાજદર** વધવાનો ભય, લોનના ઇએમઆઇ વધી શકે : ગોલ્ડમેન સાક્સ

નવી દિલ્હી,. તા. 24: 2026 માટે ભારતના આર્થિક વિકાસનો અંદાજ ઘટાડતા ગોલ્ડમેન સાક્સે એવો પણ અંદાજ લગાવ્યો છે કે રૂપિયામાં તીવ્ર ઘટાડાને કારણે, પોલિસી રેટમાં 50 બેસિસ પોઇન્ટનો એટલે કે વ્યાજદરમાં 50 પૈસાનો વધારો થઈ શકે છે, જેનો અર્થ એ છે કે તમારી લોનના ઈએમઆઈ મોંઘા થઈ શકે છે. 2026માં ભારતીય અર્થતંત્ર 5.9 ટકાના દરે વૃદ્ધિ પામશે, જ્યારે ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધ પહેલા આ અંદાજ 7 ટકા હતો. આમ, ભારતના વિકાસ દરમાં એક ટકાથી વધુનો ઘટાડો કર્યો.

ક્રુડના ભાવ અને પુરવઠા સંબંધિત મુદ્દાઓ અંગેના અંદાજોમાં સુધારો કર્યા પછી ગોલ્ડમેને ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડ્યો છે. ભારત જેવા આયાત-આધારિત દેશો માટે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો ફુગાવા અને જાહેર તિજોરી માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. ગોલ્ડમેનનો અંદાજ છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી સપ્લાય લગભગ બંધ થઈ શકે છે જે એપ્રિલના મધ્ય સુધી ચાલુ રહી શકે છે, ત્યારબાદ આગામી 30 દિવસમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જશે.

ફુગાવા અંગે, યુએસ બેંકના વિશ્લેષકો માને છે કે ભારતમાં ફુગાવો આ વર્ષે 3.9 ટકાના અગાઉના અંદાજથી વધીને 2026માં 4.6 ટકા થઈ શકે છે. પરંતુ ગોલ્ડમેનનો અંદાજ છે કે ભારતીય રૂપિયાના ઘટાડાથી દબાણનો સામનો કરવા માટે આરબીઆઈ રેપો રેટમાં 50 બેસિસ પોઇન્ટનો વધારો કરી શકે છે.

ગોલ્ડમેનના અહેવાલ મુજબ, ફુગાવાની ગતિ આરબીઆઈ દ્વારા નિર્ધારિત મર્યાદામાં રહી શકે છે, પરંતુ ચલણની નબળાઈ દબાણ હેઠળ રહે છે, અને તેની છૂટક કિંમતો પર મોટી અસર થવાની ધારણા છે. ગયા વર્ષે 4.7 ટકા નબળા પડ્યા પછી, 2026માં અત્યાર સુધીમાં રૂપિયો યુએસ ડોલર સામે 4 ટકા ઘટ્યો છે. ગોલ્ડમેન એમ પણ કહે છે કે 2026માં ભારતની ચાલુ ખાતાની ખાધ જીડીપીના 2 ટકા સુધી વધી શકે છે. ઓક્ટોબર-ડિસેમ્બર 2025માં ભારતની ચાલુ ખાતાની ખાધ જીડીપીના 1.3 ટકા હતી.

# હોર્મુઝના માર્ગે વહાણવટા માટે કોઇ પરવાનગીની જરૂર નથી : જળમાર્ગ સચિવ

**ઇરાનની** મંજૂરી પછી જ ભારતીય જહાજોને આ સામુદ્રધૂનિમાંથી પસાર થવા દેવાય છે તેવી વાત આ અધિકારીએ નકારી કાઢી

નવી દિલ્હી, તા. 24(PTI): ઓઈલથી સમૃદ્ધ પર્સિયન ગલ્ફને ખુલ્લા મહાસાગરો સાથે જોડતા એકમાત્ર દરિયાઈ માર્ગ - હોર્મુઝની સામુદ્રધુની - માંથી પસાર થવા માટે કોઈ પણ દેશની પરવાનગીની જરૂર નથી, તેમ એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું. યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી વધુ ભારતીય જહાજો પસાર થવાની તૈયારી કરી રહ્યા હોવાથી આ નિવેદન આવ્યું છે.

પર્સિયન ગલ્ફમાં ફસાયેલા ભારતીય જહાજોને ઈરાન સાથે કોઈ પ્રકારના કરાર કર્યા પછી જ સામુદ્રધુનીમાંથી પસાર થવા દેવામાં આવે છે તેવી વાતને નકારી કાઢતા, બંદરો, વહાણવટા અને જળમાર્ગ મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ કુમાર સિંઘે જણાવ્યું હતું કે, આ સામુદ્રધુનીમાંથી અવરજવરનો નિર્ણય શિપિંગ કંપનીઓ અને તેમની કોન્ટ્રાક્ટિંગ સંસ્થાઓ દ્વારા સુરક્ષા અને અન્ય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે.

પશ્ચિમ એશિયાના ઘટનાક્રમ અંગે મીડિયા બ્રીફિંગમાં સિંઘાએ જણાવ્યું હતું કે, સામુદ્રધુનીમાંથી સફર કરવા માટે કોઈ પરવાનગીની જરૂર નથી. તેમને પૂછવામાં આવ્યું હતું કે શું નવી દિલ્હીએ તેના ફસાયેલા જહાજો, ખાસ કરીને LPG ભરેલા જહાજોની અવરજવર માટે ઈરાનની પરવાનગી લીધી છે કે તેને કોઈ ચૂકવણી કરી છે? નોંધનીય છે કે યુદ્ધને કારણે દેશમાં ગેસની અછત સર્જાઈ છે. તેમણે કહ્યું કે આ સામુદ્રધુની આંતરરાષ્ટ્રીય નેવિગેશન ઠરાવો હેઠળ આવરી લેવામાં આવી છે. આ સામુદ્રધુની મારફતે વહાણવટુ કરવાની સ્વતંત્રતા છે. સામુદ્રધુની સાંકડી હોવાથી, માત્ર પ્રવેશ અને નિકાસ માટેની લેન નક્કી કરવામાં આવી છે જેને શિપિંગ લાઈન દ્વારા અનુસરવાની જરૂર છે.

**ચાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૫૦ |
| એસ-30 | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૩૭૮૦ |
| તેજાબી સોનું | ૧૪૩૬૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૬૫૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૦૯૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૩૭૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૯૦૦ |

# વૈશ્વિક કટોકટી વચ્ચે પણ ભારતની નિકાસમાં વૃદ્ધિ

**નાણાકીય** વર્ષ 2025-26 એપ્રિલથી જાન્યુઆરી સુધીમાં નિકાસમાં 5.2 ટકાનો વધારો થયો

નવી દિલ્હી, તા. 24: ચાલુ વૈશ્વિક પડકારો છતાં, ભારતની એકંદર નિકાસમાં મજબૂતાઇ જોવા મળી છે. સરકારે સંસદમાં જણાવ્યું હતું કે 2025-26 નાણાકીય વર્ષના એપ્રિલ-જાન્યુઆરી સમયગાળામાં દેશની કુલ નિકાસ 5.2 ટકા વધીને 714.73 બિલિયન ડોલર થઇ છે.

કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રી જિતિન પ્રસાદે લોકસભામાં માહિતી આપી હતી કે ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો 679.02 બિલિયન ડોલર હતો. આ કુલ નિકાસમાં 5.26 ટકાનો વધારો દર્શાવે છે, જે વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારતની આર્થિક મજબૂતાઇ દર્શાવે છે. તેમણે કહ્યું કે આ સતત વૃદ્ધિ દર્શાવે છે કે ભારત પડકારજનક વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ તેની નિકાસ સ્થિર રાખવામાં સક્ષમ છે અને વૈશ્વિક વેપારમાં એક મજબૂત ખેલાડી તરીકે તેની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. ભારત-ઈયુ મુક્ત વેપાર કરારને ઐતિહાસિક ગણાવતા મંત્રીએ કહ્યું કે તે ભારતને યુરોપિયન બજારોમાં વ્યાપક પ્રવેશ પ્રદાન કરશે અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં દેશની ભાગીદારીને મજબૂત બનાવશે. ન્યુઝીલેન્ડ, ઓમાન અને યુનાઈટેડ કિંગડમ જેવા દેશો સાથે પ્રસ્તાવિત વેપાર કરારો બજારની પહોંચને વધુ વિસ્તૃત કરશે, સેવા ક્ષેત્રમાં ગતિશીલતા વધારશે અને રોકાણ માટે વધુ સારૂં વાતાવરણ બનાવશે. આનાથી વૈશ્વિક સ્તરે ભારતીય વ્યવસાયો વધુ મજબૂત બનશે.

# સોનું રૂ.1,200 ઉછળીને રૂ. 1.44 લાખ પર પહોંચ્યું ; ચાંદી સ્થિર

નવી દિલ્હી, તા. 24 (PTI): ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં મંગળવારે સોનાના ભાવમાં સતત ચાર દિવસથી ચાલી આવતા ઘટાડાનો અંત આવ્યો હતો અને તે રૂ.રૂ.1,200 વધીને રૂ. રૂ.1.44 લાખ પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યો હતો, જ્યારે ચાંદી રૂ.રૂ.2.30 લાખ પ્રતિ કિલોગ્રામ પર સ્થિર રહી હતી.

99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ સોમવારે રૂ. રૂ.1,43,600 પ્રતિ 10 ગ્રામ (તમામ વેરા સહિત) પર બંધ થઈ હતી. વેપારીઓએ સ્થાનિક સોનાના ભાવમાં આ ઉછાળા માટે વૈશ્વિક કોમોડિટી બજારોમાં સુધારો અને તાજેતરના તીવ્ર ઘટાડા પછી નીચલા સ્તરે થયેલી ખરીદીને જવાબદાર ગણાવી હતી. આંતરરાષ્ટ્રીય બજારોમાં, હાજર સોનું નવ સત્રોના ઘટાડા બાદ ફરી ઉછળ્યું હતું, જે 16.96 યુએસ ડોલર અથવા 0.38 ટકા વધીને 4,423.83 યુએસ ડોલર પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે ચાંદી 1.03 ટકા વધીને 69.86 યુએસ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. મિરે એસેટ શેરખાનના કોમોડિટી હેડ પ્રવીણ સિંઘે જણાવ્યું હતું કે, "સતત નવ દિવસના ઘટાડા બાદ વિદેશી વેપારમાં હાજર સોનું 4,420 યુએસ ડોલર પ્રતિ ઔંસની આસપાસ સ્થિર ટ્રેડ થઈ રહ્યું છે. ઈરાન યુદ્ધ અંગેના સાવધ આશાવાદ વચ્ચે આ સુધારો જોવા મળ્યો છે.

# ઝોમેટો બાદ સ્વિગીનો પ્લેટફોર્મ ફીમાં 17 ટકાનો વધારો

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ સ્વિગીએ તેના યુઝર્સ પાસેથી વસૂલવામાં આવતી પ્લેટફોર્મ ફીમાં વધારો કર્યો છે. મંગળવારે એપ પર અપડેટ થયેલા દર મુજબ, હવે દરેક ઓર્ડર પર રૂ. 17.58 પ્લેટફોર્મ ફી (જીએસટી સહિત) લાગુ થશે. આ વધારો તેની હરીફ કંપની ઝોમેટો દ્વારા ફીમાં વધારો કર્યાના ગણતરીના દિવસોમાં જ કરવામાં આવ્યો છે. સ્વિગીએ અગાઉ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ફી વધારી હતી.

ઝોમેટોએ 20 માર્ચના રોજ પોતાની ફીમાં રૂ. 2.40નો વધારો કરીને તેને જીએસટી વગર રૂ. 14.90 કરી હતી, જે જીએસટી સાથે લગભગ રૂ. 17.58ની આસપાસ જ થાય છે. આમ, હવે બંને અગ્રણી કંપનીઓની પ્લેટફોર્મ ફી સમાન સ્તરે પહોંચી ગઈ છે. પ્લેટફોર્મ ફી એ ડિલિવરી ચાર્જ અને રેસ્ટોરન્ટ બિલ સિવાયનો વધારાનો નિશ્ચિત ચાર્જ છે, જેનો ઉપયોગ કંપનીઓ ઓપરેટિંગ ખર્ચ, ટેકનોલોજી મેન્ટેનન્સ અને કસ્ટમર સપોર્ટ માટે કરે છે.

**સુડોકુ - ૭૩૯૬**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | ૪ | | ૯ | |
| | | ૭ | | | ૫ | | | ૨ |
| ૬ | ૯ | ૪ | | | ૮ | ૧ | | ૫ |
| ૫ | | ૧ | | ૮ | ૭ | ૪ | ૨ | |
| ૪ | ૬ | ૯ | ૫ | | ૧ | | | ૩ |
| ૮ | | ૨ | ૪ | ૯ | | ૫ | ૧ | ૬ |
| | | | | ૧ | ૯ | | | ૪ |
| ૭ | | ૮ | ૩ | ૫ | | | ૬ | |
| | ૧ | | | ૪ | | ૨ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**પેટમાં ગોળો**

અપચો સાથે ગેસ, વાયુનો ગોળો પેટમાં ચઢી દુખાવો અને ક્યારેક તો હૃદયરોગની શંકા ઊભી કરી જીવને દ્વિધામાં નાંખે છે. દીકામાલિ, સંચળ અને અજમો સરખા ભાગે લઈ વાટી ચૂર્ણ કરવું. બે ગ્રામ ચૂર્ણ પાણી સાથે લઇ લો. રાહત થશે.

## આજનું પંચાંગ

**તા. 25/03/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : સાતમ: 13:51
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર-04
**યોગ :** સૌભાગ્ય **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** મૃગશીર્ષ:- 17:34
**રાશિ:** મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** મિશ્ર- વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ-બંગાળ-શુક્રમેષ: 29:10
**સુરતમાંસૂર્યોદય:**06:40 **સુરતમાંસૂર્યાસ્ત** :18:50
**નવકારસી :** 07:28
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 13મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447 શવ્વાલ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** રચનાત્મક કામ પાર પડશે. આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. વહીવટી કુશળતાથી યશ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** ક્રોધ અને વાણી પર કાબૂ રાખવો. રોકાણમાં ધીરજ રાખવી. આવક વધારવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** નવા સંબંધો મજબૂત બને. સમાજમાં માન વધે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.

**કર્ક (ડ,હ,):** માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. પ્રવાસમાં સાવધાન રહેવું. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. શેર બજારમાં ધીરજથી કામ લેવું. અચાનક તક મળશે.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજમાં યશ મળે. વેપારમાં આવક વધે. નવા ઘર, કે સંપત્તિનાં કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** પ્રવાસ, પર્યટન, કાયદા કાનૂન, ઉચ્ચ શિક્ષણ વિદેશ વેગેરેને લગતાં કામમાં લાભ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્યનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન. ખર્ચા વધશે. ધર્મ-કર્મ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ભાગીદારીમાં લાભ રહે. ઘરમાં ઉત્સવ જેવું રહે. ઉંમર લાયકના વિવાહ થાય.

**મકર (ખ,જ,):** આંખની કાળજી રાખવી. નોકરીમાં નવી જવાબદારી વધે. અચાનક લાભ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રેમ વિવાહની શક્યતા વધશે. નવા મિત્રોથી સાવધાન. અચાનક સફળતા મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરીમાં નવા ફેરફારથી રાહત થાય. ઘરમાં મહેમાનોની અવરજવર વધશે.

**કોઈ પણ સાલમાં 25 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. ટેકનોલોજીના લાભ મળે. આવક વધે. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. કુટુંબ- પરિવારની અપેક્ષાઓ સંતોષી શકાય. આરોગ્ય-સામાન્ય રહે. કાયદા કાનૂન બાબતે મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા ઘર, વાહન, બાબતે પ્રગતિ થાય. સંતાનોનાં કામ થાય. આવક વધારવાના પ્રયત્નો સફળ રહે. વારસો, જાયદાદ, જમીનનો કામ પાર પડે. યાત્રા, પ્રવાસ, ધર્મ, કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7,16,25 તારીખ નવો કામ માટે અનુકૂળ રહે. સફેદ, ગુલાબી રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ- સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે નવાં કામ ટાળવો. લાલ, લીલા રંગનો ઉપયોગ ઓછો કરવો.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Bharuch Circle Office**
Maktampur Road, Bharuch 392 012
Toll Free No. 19123 (OR 1800 233 3003)
DGVCL

**Tender Notice No. 23/2025-26 Adv. No.**

Tenders are invited for annual maintenance contract of computer, printers, scanners, and UPS etc. at Bharuch Circle Office, GUVNL Police Station-Bharuch, Bharuch RSO and GEKC-Bharuch for 2 years. The details are put up on web site no.www.gseb.com. & http://dgvcl.nprocure.com

**CEO & SE (O&M), Bharuch Circle Office, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



**ભારતીય ન્યાય સુરક્ષા સંહિતા અને ૨૦૨૩ ની કલમ ૮૪ મુજબનું જાહેરનામું**

આથી આ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે કે સેસન્સ કેસ નં.- ૫૬૨/૨૦૨૫ પુણા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ફસ્ટ ૧૦૧/૨૦૧૦ ઇ.પી.કો. કલમ-૩૦૭,૧૮૮ મુજબના કામના આરોપી જાવેદખાન નસીરખાન પઠાણ રહે:- નવસારી બજાર ફોકટનગર આલમ બંગાલીના વખારની સામે પહેલામાળે નાસીર બાદશાહના મકાનમાં સલાબતપુરા સુરત નાઓ ટ્રાયલ ના કામે નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી અને જણાવેલ સરનામે મળી આવતા નથી જેથી નામદાર કોર્ટના હુકમ આ સાથે સામેલ છે. જેથી આ જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. સદર નામવાળા ઇસમ બાબતે કોઇ પણ હકિકત મળી આવેથી પુણા પોલીસ સ્ટેશનના નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરશો.

તા.૨૧/૦૩/૨૦૨૬

**પુણા પોલીસ સ્ટેશન, સુરત શહેર.**
**ટે.નં.- ૦૨૬૧ ૨૬૪૦૫૦૦.**
**૬૩૫૯૬૨૮૨૪૦.**

**(વી.એમ.દેસાઇ)**
**પોલીસ ઇન્સ્પેક્ટર**
**પુણા પોલીસ સ્ટેશન**
**સુરત શહેર.**

**ક્રમાંક : માહિતી-સૂરત/૧૬૭૪ /૨૦૨૬**



**ઓનલાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજય**
**ટેન્ડર નોટિસ નં.૪૪ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાપી (મા. × મ.) વિભાગ, વ્યારા ,જિલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, બીજો માળ, પાનવાડી, વ્યારા, જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૧૯ તરફથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ બે કવર (ટેકનીકલ અને પ્રાઈસ બીડ) ફોર્મ બી-૧/એસ.બી.ડી. પધ્ધતિથી ગુજરાત રાજયમાં અથવા અન્ય રાજયમાં અથવા સી.પી.ડબલ્યુ.ડી.માં નોંધાયેલ નીચે જણાવેલ વર્ગમાં અથવા સમકક્ષ નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે.
લેવી.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત | બાનાની રકમ | ટેન્ડર ફી | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ આદર્શ નિવાસી સ્કુલ (બોયઝ) એટ.ઉકાઈ,તા.સોનગઢ, જિ.તાપી | ૨૨,૯૩,૮૬૩.૨૮ | ૨૩,૦૦૦/- | ૯૦૦/- | "ઈ-૧" કલાસ અને ઉપરના |
| ૨ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ આદર્શ નિવાસી સ્કુલ (બોયઝ) એટ.ઉકાઈ,તા.સોનગઢ, જિ.તાપી | ૩૭,૭૬,૪૦૨.૮૧ | ૩૭,૮૦૦/- | ૧૫૦૦/- | "ઈ-૧' કલાસ અને ઉપરના |
| ૩ | રીપેરીંગ એન્ડ રીનોવેશન ઓફ વેરીયસ બીલ્ડીંગ ઓફ ઈ.એમ.આર.એસ. સ્કુલ એટ. ખોડદા, તા.નિઝર, જિ.તાપી | ૨,૬૦,૫૮,૧૭૯.૦૩ | ૨,૬૦,૬૦૦/- | ૩૬૦૦/- | "બી" કલાસ અને સ્પે.કેટે.III (બીલ્ડીંગ)અને ઉપરના |

ટેન્ડરના દસ્તાવેજો તા.૦૯/૦૪/૨૦૨૬ દરમ્યાન ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૦૯/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે.

ક્રમ નં. ૧,૨, ટેન્ડરના તા.૧૦/૦૪/૨૦૨૬નાં રોજ કાર્યપાલક ઈજનેરશ્રી, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારા ની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.

ક્રમ નં. ૩, ટેન્ડરના તા.૧૦/૦૪/૨૦૨૬નાં રોજ અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા×મ) વર્તુળ, સુરતની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.

ટેન્ડર ફીનાં ડીમાન્ડ ડ્રાફ્ટ, બાના રકમ માટે એફ.ડી.આર. અથવા મુકિત પ્રમાણપત્ર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, ભાગીદાર કરાર વિગેરે ઈલેક્ટ્રોનીક ફોર્મેટથી (સ્કેનીંગથી) રજુ કરવાનું રહે છે.

ટેન્ડર ફી તથા બાનાની રકમનો મુળ દસ્તાવેજ તા.૧૦/૦૪/૨૦૨૬ થી તા.૧૬/૦૪/૨૦૨૬ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારાનાં સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.

વધુ વિગત માટે ઉપરોકત વેબસાઈટનો સંપર્ક સાધવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
તાપી (મા×મ)વિભાગ
વ્યારા

ક્રમાંક: માહિતી-સૂરત/૧૬૮૦/૨૦૨૬